અપીલ અરજી નં.૪૩ તા.૧૮–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી જીગ્નેશભાઈ મનસુખલાલ મનવાવાલા
સામાવાળાઃ શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીગ્નેશભાઈ મનસુખલાલ મનવાવાલાની તા.૨૦–૩–૦૯ ની અરજીથી શ્રી નયનાબેન નટવરસિંહ પરમાર બીટ નિરીક્ષક અને શ્રી હંસાબેન મુળજીભાઈ ઠાકોર ન.પ્રા. શાળા શિક્ષિકાએ નોકરી પર હાજર થવાની તારીખથી ૧૯–૩–૦૯ સુધી નોકરી દરમ્યાન કયા કયા વર્ષમાં કયાં કયાં નોકરી પર ફરજ બજાવેલ છે તે અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૩/૨૦૦૯–૧૦

શ્રી જીગ્નેશભાઈ મનસુખલાલ મનવાવાલાની તા.૨૦–૩–૦૯ ની અરજીથી શ્રી નયનાબેન નટવરસિંહ પરમાર બીટ નિરીક્ષક અને શ્રી હંસાબેન મુળજીભાઈ ઠાકોર ન.પ્રા. શાળા શિક્ષિકા નોકરી પર હાજર થવાની તારીખથી ૧૯–૩–૦૯ સુધી નોકરી દરમ્યાન કયા કયા વર્ષમાં કયાં કયાં નોકરી પર ફરજ બજાવેલ છે તે અંગેની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારીએ જાવક નં.૧૦ તા.૧૮–૪–૦૯ થી આપેલ માહિતીમાં હંસાબેન મુળજીભાઈ ઠાકોરની કયા કયા વર્ષોમાં કઈ કઈ શાળામાં ફરજ બજાવેલ છે જે અંગે નહીં મળેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ, તથા નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૪ તા.૨૮–૫–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૦–૩–૦૯ ની અરજીથી શ્રી નયનાબેન નટવરસિંહ પરમાર બીટ નિરીક્ષક અને શ્રી હંસાબેન મુળજીભાઈ ઠાકોર ન.પ્રા. શાળા શિક્ષિકા નોકરી પર હાજર થવાની તારીખથી ૧૯–૩–૦૯ સુધી નોકરી દરમ્યાન કયા કયા વર્ષમાં કયાં કયાં નોકરી પર ફરજ બજાવેલ છે તેની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.૧૦ તા.૧૮–૪–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અનુસાર નયનાબેન પરમાર નિરીક્ષક તરીકે તા.૨૪–૩–૮૮ થી નોકરી કરે છે તથા હાલમાં પણ નિરીક્ષક તરીકે ફરજ બજાવતાં હોવાથી તથા હંસાબેન મુળજીભાઈ ઠાકોર ઉપ શિક્ષક તરીકે તા.૧૮–૬–૧૯૭૯ થી શાળા નં.૨૪ માં નિમણુકં પામેલ અને ત્યાર બાદ તેમની બદલી શાળા નં.૧૧૮,૭૭,૧૮૫, ૨૧૪ તથા ૨૦૯ માં ફરજ બજાવેલ છે તેવી માહિતી પૂરી પાડયાનું જણાય છે પરંતુ અરજદારે માંગેલ વર્ષવાઈઝ ફરજ સ્થળની વિગતો આપેલ જણાતી નથી જે અંગે અરજદારે વર્ષવાઈઝ કઈ શાળામાં કેટલો સમય ફરજ બજાવી તે રીતેની માહિતી મેળવવા અપીલ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી જાહેર સેવકની જાહેર સત્તા મંડળમાં બજાવેલ ફરજના સમયગાળાને સ્પર્શતી છે. જે સેવા રેકર્ડનો ભાગ છે. તદઉપરાંત આરટીઆઈ એકટની કલમ–૪(૧)(બી) હેઠળ કર્મચારીઓની વર્તમાન ફરજની હોદ્દા, કામગીરી, સત્તા, ફરજો સહિતની વિગતોમાં સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ પ્રકારની છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારની માંગણી મુજબની વર્ષ વાઈઝ ફરજની હકીકતલક્ષી દફતરી માહિતી અરજદારને આરટીઆઈ એકટના કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી, (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ – ૦૯

***ઈ.ચા.એપેલેટ ઓફિસર***
***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી, (ન.પ્રા.શિ.સ.) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી જીગ્નેશભાઈ મનસુખલાલ મનવાવાલા, ૧/૨૧૨૨, ગ્રાઉન્ડ ફલોર, તુલસીદાસ મેનસન દરગાહની સામે, બારા હજારી સ્ટ્રીટ, નાનપુરા, સુરત....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.